પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગસ્ટ, ૨૦૨૧, શનિવાર; શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અફઘાનમાં આરંભાઈ આઝાદીની લડત

## અફઘાનિસ્તાનમાં તાલિબાનીઓ સામે દેશવાસીઓ દ્વારા આઝાદીની લડત શરૂ કરાઈ



કાબુલ, તા.૨૦

અફઘાનિસ્તાનમાં તાલિબાનરાજની શરૂઆત થઈ ગઈ છે. આખા દેશ પર તાલિબાની લડાકુઓએ કબજો કરી લીધો છે. રાષ્ટ્રપતિ અશરફ ગની દેશ છોડીને ભાગી ગયા છે, પરંતુ હવે અફઘાનીસ્તાનની સામાન્ય જનતાએ તાલિબાન સામે વિરોધપ્રદર્શન કરવાની શરૂઆત કરી દીધી છે. ૧૯ ઓગસ્ટે અફઘાનિસ્તાનના સ્વતંત્રતા દિવસે દેશના અલગ અલગ વિસ્તારોમાં અફઘાની જનતાએ રાષ્ટ્રીય ઝંડો લઈને વિરોધપ્રદર્શન કર્યાં દેશના અલગ અલગ વિસ્તારોમાં તાલિબાન વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યાં છે. ૧૯ ઓગસ્ટે અફઘાનિસ્તાન સ્વતંત્રતા દિવસે દેશના અલગ-અલગ વિસ્તારોમાં અફઘાની જનતા રાષ્ટ્રીય ઝંડા લઈને રોડ પર વિરોધપ્રદર્શન કરવા નીકળ્યા હતા. કાબુલ એરપોર્ટ પર મોટી સંખ્યામાં લોકોએ વિરોધપ્રદર્શન કર્યા હતા અને તાલિબાની સત્તાનો વિરોધ કર્યો હતો. આ દરમિયાન તાલિબાની લડાકુઓ દ્વારા ગોળીબાર કરીને પ્રદર્શનકારીઓને હટાવવાનો પ્રયત્ન પણ કર્યો હતો. આવું જ અફઘાનિસ્તાનના ખોસ્ત રાજ્યમાં પણ થયું હતું. ત્યાં સામાન્ય જનતાના પ્રદર્શન પછી તાલિબાનોએ ૨૪ કલાક માટે કર્ફ્યૂ લગાવી દીધો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## તાલિબાનીઓની નજરે ચઢ્યો અમેરિકન હથિયારોનો જથ્થો

**અમેરિકન હથિયારો હવે તાલિબાનીઓ પાસે : આ હથિયારોના જથ્થામાં અમેરિકા નિર્મિત વિમાન, લડાકુ હેલિકોપ્ટર, નાઈટ વિઝન ગોગલ્સ, વિમાન સામેલ છે**

વોશિંગ્ટન, તા.૨૦

અફઘાનિસ્તાન પર તાલિબાન રાજ આવ્યા પછી ત્યાં કરોડોના આધુનિક અમેરિકન હથિયારો પર હવે આતંકીઓની નજર છે. આ હથિયારોના જથ્થામાં અમેરિકા નિર્મિત વિમાન, લડાકુ હેલિકોપ્ટર, નાઈટ વિઝન ગોગલ્સ અને ડ્રોન વિમાન સામેલ છે. અમેરિકાએ આ ઘાતક હથિયારો અફઘાન સેનાને આપ્યા હતા કે જેથી તાલિબાન આતંકીઓનો ખાતમો કરી શકાય. હવે આ હથિયારો ક્યાંક ચીન અને રશિયાના હાથમાં ના આવી જાય તેવા ડરથી અમેરિકા ગભરાયું છે. અમેરિકાના અધિકારીઓને માત્ર એ વાતનો ડર સતાવતો નથી કે આ હથિયારનો ઉપયોગ સામાન્ય જનતા વિરુદ્ધ કરવામાં આવી રહ્યો છે પરંતુ, એવો ડર પર સતાવી રહ્યો છે કે ક્યાંક આ હથિયારો આઈએસઆઈએસ તેમજ ચીન અને રશિયાના હાથમાં ના આવી જાય. એક રિપોર્ટમાં જણાવ્યા મુજબ, તાલિબાનને અફઘાનિસ્તાનમાં ૨ હજાર હથિયારબંધ વાહન, ૪૦ એરક્રાફ્ટ, હજારો ઘાતક રાઈફલ્સ અને લેઝર ગાઈડેડ બોંબ મળી આવ્યા છે. હવે બાઈડન પ્રશાસન મોટા હથિયારો પર હવાઈમાર્ગે બોંબ ફેંકવાનું વિચારી રહ્યું છે. પણ, બાઈડન પ્રશાસનને એ વાતનો પણ ડર સતાવી રહ્યો છે કે આ પ્રકારની કાર્યવાહીથી તાલિબાનીઓનો ગુસ્સો ભડકી શકે છે.



ત્યાં હજુ પણ અમેરિકન સૈનિકોને નીકાળવાનું કામ ચાલી રહ્યું છે. એક અધિકારીએ કહ્યું કે હવે અમે જોઈ રહ્યા છીએ કે જે કશું પણ નષ્ટ નથી થયું તે તાલિબાનનું થઈ ગયું છે. અમે જોઈ રહ્યા છીએ કે અફઘાન સેનાને આપવામાં આવેલા અમેરિકન હથિયારો હવે તાલિબાનીઓ પાસે છે. જે અમેરિકા અને તેના સહયોગીઓ માટે ખતરનાક છે.

## તાલિબાને ભારતીય વાણિજ્ય બંધ દૂતાવાસોની તલાશી લીધી

**અફઘાન પર કબજો જમાવ્યા બાદ તાલિબાન એવા લોકોને મારી રહ્યું છે જેમણે તેમના વિરુદ્ધ કામ કર્યું હતું**

કાબુલ, તા.૨૦

ભલે તાલિબાન ઉદારતા વર્તવાના ગમે તેટલા વચનો આપે પરંતુ અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યા બાદથી એવા લોકોને વીણી વીણીને મારી રહ્યું છે જેમણે ભૂતકાળમાં તેમના વિરુદ્ધ કામ કર્યું હતું. જેમાં અફઘાની સૈનિકો, સરકાર સાથે જોડાયેલા લોકો સામેલ છે. આ બાજુ સરકારી ઈમારતો, સૈન્ય ઠેકાણા, વગેરે પર કબજો જમાવ્યાના અહેવાલો વચ્ચે એક ચોંકાવનારા સમાચાર એ આવ્યા છે કે તાલિબાની આતંકીઓ દૂતાવાસને પણ છોડી રહ્યા નથી.

તાલિબાની આતંકીઓએ બુધવારે કંધાર અને હેરાતમાં બંધ પડેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસોની તલાશી લીધી. રિપોર્ટ મુજબ તાલિબાનીઓએ દૂતાવાસના કબાટમાં રાખેલા દસ્તાવેજો ફંફોળ્યા અને પાર્કિંગમાં ઊભેલી કારોને લેતા ગયા. જો કે જલાલાલબાદ સ્થિત દૂતાવાસ અંગે જાણકારી મળી નથી. કહેવાય છે કે હક્કાની નેટવર્કના લગભગ ૬૦૦૦ જેટલા આતંકીઓએ કાબુલ પર કબજો જમાવી લીધો છે. આ આતંકીઓ આતંકવાદી સમૂહના પ્રમુખ અને તાલિબાનના ઉપ નેતા સિરાજુદ્દીન હક્કાનાના ભાઈ અનસ હક્કાનીના નેતૃત્વમાં કાબુલમાં કત્લેઆમ મચાવી રહ્યા છે.

સિરાજુદ્દીન હક્કાની ક્વેટામાં બેસીને નિર્દેશ આપી રહ્યો છે. એટલું જ નહીં પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝઈ અને એચસીએનઆરના અધ્યક્ષ અબ્દુલ્લા અબ્દુલ્લા સાથે વાતચીત થઈ રહી છે કે તેઓ તાલિબાન નેતા મુલ્લા અબ્દુલ ગની બરાદરને ઔપચારિક રીતે સત્તા સોંપી દે. અત્રે જણાવવાનું કે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર તાલિબાન દ્વારા કબજો કરવાના ગણતરીના કલાકો પહેલા જ રાષ્ટ્રપતિ અશરફ ગની મોટી રકમ લઈને દેશથી ભાગી ગયા હતા.

ભાવભીની અંજલિ



મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

વ્હાલા દોસ્ત,
આજે બીજી પુણ્યતિથિએ
સ્મરણોની વણઝાર સાથે
વ્હાલથી છલોછલ
ભાવભીની અંજલિ
પાઠવીએ છીએ...

પરમપ્રિય જયરાજસિંહ બિહોલા

એજ
તારા જ મિત્રો

હૃદયાંજલિ



વ્હાલા જયરાજ
તારી યાદ
એજ અમારું જીવન

નો'તું એ પીળું પડ્યું, નો'તું એ કોઈને નડ્યું,
તો'ય આ લીલુછમ પાંદડું કાં ખરી પડ્યું...
* * * * * * * * * * * * *
હે, પવિત્ર આત્મા ઈશ્વર સદા તારી રક્ષા કરે,
તારી પ્રેમાળ યાદો અમારા દિલમાં જીવંત છે.
જન્મો જન્મ અમારો કુળદિપક થઈને અવતરજે...

ભીખુસિંહ પ્રતાપસિંહ બિહોલા
શણગારબા ભીખુસિંહ બિહોલા
શૈલેન્દ્રસિંહ ભીખુસિંહ બિહોલા
ગીતાબા શૈલેન્દ્રસિંહ બિહોલા
યશરાજસિંહ શૈલેન્દ્રસિંહ બિહોલા
શિવાનીબા જયરાજસિંહ બિહોલા